**રે. દિ. મુ. નં. ૬૧/૨૦૨૦**

## આંક –૫ નીચે હુકમ

**૧.** વાદીએ હાલની અરજી સિવિલ પ્રોસીજર કોડનાં ઓર્ડર–૩૯, રૂલ–(૧) (૨) તથા કલમ–૧૫૧ ની જોગવાઈ હેઠળ દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટે કરેલી છે.

**૨.** હાલના અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, દાવાવાળી મિલકત ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના મોજે ગામ ચરાડા ની સીમમાં સર્વે/બ્લોક નં.૧૦૬૦/૨ વાળી ખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૮૨–૧૧ વાળી ખેતીની જમીન વાદી તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત સંયુકત માલિકીની આવેલી છે અને સદરહું જમીન રેવન્યુ રેકર્ડે પણ વાદી અને પ્રતિવાદીઓના હિસ્સા પુરતી જમીન રેકર્ડે નામે આવેલી છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, સદરહું સંયુકત માલિકીની જમીનમાં વહેંચણી મુજબ ચાર ભાગ પડેલ છે જેમાં વાદીની મોજે ચરાડા સીમના ખાતા નં.૨૬૭, રેવન્યુ સર્વે નં.૧૦૬૦/૨ પૈકી ખેતીની જમીન ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૭૬/૯૦ પૈકી ૦–૪૦–૦૦ ચો.મી. વાળી જમીન વાદીની કબજા, ભોગવટા અને માલિકીની આવેલ છે અને તેમાં પ્રતિવાદીઓના ત્રણ ગાળા આવેલ છે તેમાંથી દરેક ગાળો ૫૦×૭૦= ૩૫૦૦ ફુટ જમીન જે ત્રણે ગાળા મળી ૧૦૫૦૦ ફુટ છોડી વાદીની માલિકીની જમીન આવેલ છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, વાદીની સદર જમીનની ઉત્તરે પ્રતિવાદી નં.૩/૧ થી ૩/૫ ની ખાતા નં.૨૬૭, રેવન્યુ સર્વે નં.૧૦૬૦/૨ પૈકીની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૫૯–૬૮ વાળી **તથા** પ્રતિવાદી નં.૩ ના

ભાગની જમીનના ઉત્તરે પ્રતિવાદી નં.ર/૧ અને ર/ર ની ચરાડા ખાતાનં.૧૬૫૧ જેનો રેવન્યુ સર્વે નં.૧૦૬૦/ર પૈકીની ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૪૫–૫૩ વાળી **તથા** પ્રતિવાદી નં.ર ના ભાગની જમીનની ઉત્તરે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ ની મોજે ચરાડા સીમના ખાતાનં.૫૦ર, જેનો રેવન્યુ સર્વે નં.૧૦૬૦/ર પૈકી ની ખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૭૬–૯૦ પૈકી ૦–૩૬–૯૦ ચો.મી વાળી ખેતીની જમીન કબજા ભોગવટાની આવેલી છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, વાદીની સદરહું ૪૦ ગુંઠા વાળી જમીન ચરાડા થી ટીંટોદણ ગામ જતા રોડની ઉત્તર તરફ રોડને અડીને માલિકીની હિસ્સા પુરતી આવેલી છે. સદરહું વાદીની માલિકીની જમીનમાં સંયુકત મજીયારી માલિકી નો ટયુબવેલ આવેલ જેનાં લાઈટબીલ, વીજ કનેકશન, ગોસ્વામી દેવાપુરી ચંચળપુરી ના નામે ચાલે છે. સદરહું જમીનમાં અગાઉ એક થી ત્રણ વખતે ટયુબવેલ પાણી જતા રહેતા ચોથી વખત ટયુબવેલ બનાવેલ જે વાદીની માલિકીની જમીનમાં આવેલ અને બોરવેલ હાલ ચાલુ છે અને તેમાંથી વાદી અને પ્રતિવાદીઓ અને અન્ય ભાગીદારો ખેતીની જમીનમાં પાણીનો પિયત તરીકે ઉપયોગ કરે છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, સદરહું વાદીના હિસ્સાની જમીનમાં રેવન્યુ રેકર્ડમાં વાદીના પિતાશ્રી બાવા મોહનપુરી ચંચળપુરીનું નામ સને ૧૯૮૪–૮૫ થી ટાઈટલ અને પાણીપત્રકે નામ ચાલતું આવેલ અને ત્યારબાદ વાદીના પિતા ગુજરી જતા વાદી હરીશપુરી મોહનપુરીનું નામ રેવન્યુ રેકર્ડે સને ર૦૦૩–૦૪ થી ચાલ્યુ આવેલ. ત્યારબાદ રેવન્યુ રેકર્ડ કોમ્પ્યુટર રાઈઝ થતા તેમાં શરતચુકથી બીજા હકકમાં વાદીનું નામ દાખલ થયેલ જેની જાણ વાદીને થતા વાદીએ તેમનું નામ ઉમેરવા મામલતદાર શ્રી માણસાના સુધારા હુકમ નં.ઈ.રા/સુ.હુ/એસ.આર. ૪૫/વશી ર૧૧૯/ર૦, તા.૧૧/ર/ર૦ર૦ ના રોજ વાદી તરફે સુધારા હુકમ

થયેલ છે જે અંગેની રેવન્યુ રેકર્ડે એન્ટ્રી નં.૧૩૦૮૮ થી નોંધ પાડી પ્રમાણીત થયેલ છે. જેથી રેવન્યુ રેકર્ડે વાદીનું નામ ટાઈટલ અને પાણીપત્રકે નામ ચાલે છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, વાદીના ભાગની જમીનનો પ્રતિવાદીઓ કબજો પડાવી લેવા તજવીજ કરતા અને વાદીને ખેતી કરવા જતા અટકાવતા અને તા.૨૧/૫/૨૦૨૦ ના રોજ ધાક ધમકી આપેલ કે અહીથી ચાલ્યા જવાનું કહેતા તેમજ ખેતર ખેડવા જતા અટકાવતા તે અંગેની માણસા પોલીસ સ્ટેશને ફરીયાદ પણ કરેલાનું જણાવી સદરહું દાવો અને દાવો ચાલતા દરમ્યાન સદર અરજીનું કારણ ઉત્પન્ન થયેલા અને હાલમાં ચાલુ હોવાનું જણાવી જેથી વાદીએ પ્રતિવાદીઓ વિરુધ્ધ સદર અરજી દાખલ કરી એવી દાદ માંગેલી છે કે,

'' મોજે ગામ ચારડા, તા.માણસા ની સીમના સર્વે/બ્લોક નં.૧૦૬૦/૨ વાળી ખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૮૨-૧૧ વાળી ખેતીની જમીન અમો વાદી તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત સંયુકત માલિકીની આવેલી છે સદરહું સંયુકત માલિકીની જમીનમાં વહેંચણી મુજબ ચાર ભાગ પડેલ છે તે મુજબ સ્થળ ઉપર કબજો ભોગવટો અને માલિકી આવેલ છે જેમાં અમો વાદીની મોજે ચરાડા સીમના ખાતાનં.૨૬૭, જેનો રેવન્યુ સર્વેનં.૧૦૬૦/૨ પૈકીની ખેતીની જમીન જેનું કેલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૬-૯૦ પૈકી ૦-૪૦-૦૦ ચો.મી.વાળી જમીન કબજા ભોગવટા અને માલિકીની આવેલ છે. સદર સર્વે નંબર વાળી જમીનની ઉત્તર આવેલ જમીનમાંથી ત્રણ ગાળા પ્રતિવાદીઓના આવેલ છે તેમાંથી દરેક ગાળો ૫૦ લંબાઈ × ૭૦ પહોળાઈ = ૩૫૦૦ ફુટ જમીન જે ત્રણે ગાળા મળી ૧૦૫૦૦ ફૂટ છોડી અમો વાદીની માલિકીની જમીન અવોલ છે સદરહું સર્વે નંબર પૈકીની જમીન અમારી સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા

અને માલિકીની આવેલી હોઈ અમારી માલિકીની જમીનનો કબજો પડાવી લે નહી કે ખેતી કરતા અવરોધ, અંતરાય કે અટકાયત કરે કરાવે નહી કે અમારી જમીન પ્રતિવાદીઓ કે તેમના નોકર, ચાકર, એજન્ટ કે મળતીયા માણસો મારફતે પ્રવેશ કરી અમારી જમીન ખેડી નાખે નહી કે કબજો ભોગવટો પડાવી લે નહી કે પાકને નુકશાન કરે કરાવે નહી તેમજ રેવન્યુ રેકર્ડે કોઈપણ પ્રકારે ફેરફાર કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ અમો વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધમાં દાવાના આખરી નિર્ણય સુધી ફરમાવવા મે.થશે.

૩. હાલના દાવાના કામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સદર દાવો રજીસ્ટરે લઈ દાવાની પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ ઈસ્યુ કરતા જે પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં. ૧,૩ તથા ૬ થી ૧૦ નાઓ આંક–૯ અને ૧૦ થી તેમના વિ.વકીલશ્રી ધ્વારા હાજર થયેલા છે. જયારે પ્રતિવાદી નં.૧ અને ૪ નાઓ આંક–૧૩ અને ૧૪ થી તેમના વિ.વકીલશ્રી ધ્વારા હાજર થયેલ છે. જયારે પ્રતિવાદી નં. ૪ અને ૫ નાઓ આંક–૧૭ થી તેમના વિ.વકીલશ્રી ધ્વારા હાજર થયેલ છે.

**જયારે પ્રતિવાદી નં.૨ ને સદર દાવાના કામે ડ્રોપ કરવાની પુરસીસ વાદીની આંક–૨૩ ની પુરસીસ લગત નામદાર કોર્ટે આંક–૧ લગત હુકમ કરી સદર કામે પ્રતિવાદી નં.૨ નાઓને ડ્રોપ કરવામાં આવેલ છે.**

જેમાં પ્રતિવાદી નં.૬ થી ૧૦ નાઓએ આંક–૧૯ થી દાવા તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે એવી તકરાર ઉઠાવેલ છે કે, વાદીએ પ્રતિવાદી નં.૬ થી ૧૦ નાને માત્ર હેરાન પરેશાન કરી ખોટા ખર્ચમાં ઉતારવા સદર અરજી કરેલ છે. વધુમાં વાદીના દાવા તથા મનાઈ અરજીને સીવીલ

પ્રોસીજર કોડના પ્રસ્થાપિત સિધ્ધાંતનોનો બાધ નડે છે તેમજ પુરતો કોર્ટ ફી સ્ટેમ્પ વાપરેલ ન હોય દાવો તથા ખરજી રદ્દ થવા પાત્ર છે. વાદીએ પ્રતિવાદીનં.૬ થી ૧૦ નાઓને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે તેમાં સદર પ્રતિવાદીઓનો કોઈ રોલ નથી. સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર–૭, રુલ–૧૧ ધ્યાને લઈ સદર પ્રતિવાદી ઓને અરજીના કામે પક્ષકાર તરીકે રદ્દ કરી દાવો તથા અરજી કાઢી નાંખવા અરજ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સદર પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં ખેતી કરે છે અને પ્રતિવાદીનં.૬,૭ તથા ૯ સાસરીમાં રહે છે અને ૧૦ ચરાડા ગામે રહે છે. સદરહું સર્વે નં.૧૦૬૦/૨ વાળી જમીન ક્ષેત્રફળ ૦–૭૬–૯૦ હે.આરે.ચો.મી. આકાર ૪.૨૪ વાળી જમીન ચરાડાના રામાપુરી દેવાપુરી દાવા તથા તેમના વડીલોની માલિકી કબજા ભોગવટાની આવેલ છે અને હાલમાં તેઓ તેમાં ખેતી કરે છે. જેમાં વાદીનો કોઈ હકક,અધિકાર કે માલિકી હકક આવેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, વાદીએ પ્રતિવાદીનં.૧ સામે ખોટી હકીકત ઉભી મામલતદાર માણસામાં ઈ–ધરા/સુધારા હુકમ એસ.આર./૪૭૫/વશી ૨૧૧૯/૨૦૨૦ થી ૧૦૬૦/૨ પૈકી વાળી જમીનમાં પોતાનું નામ દાખલ કરવા સુધારા અરજી આપેલ જેમાં રૂપિયાના જોરે તેઓ સદર જમીનમાં નામ દાખલ કરાવી દીધેલ તે સામે પ્રતિવાદી નં.૧ નાએ પ્રાત અધિકારીશ્રી કલોલમાં વિવિદા અરજી અપીલ નં.૧૩૮/૨૦૨૦ ની દાખલ કરેલ જે ચાલવા ઉપર છે.

વધુમાં જણાવેલ છે કે, વાદીની ચરાડા ગામે સર્વે નં.૧૦૮૩,૧૦૮૪, ૧૦૮૫,૧૦૮૬,૧૦૮૭ ની અલગ જમીની આવેલ છે જેમાં તેઓ ખેતી કરે છે તેમ છતાં પ્રતિવાદીનં.૧ ની માલિકીની સર્વે નંબર ૧૦૬૦/૨ પૈકી જમીનમાં ભાગ લેવા ૩૦ ગુંઠા જમીનમાં ખોટી રીતે માલિકી હકક ઉભો કરવા પ્રયત્ન કરેલ છે. વધુમાં

વાદી કે આ કામના પ્રતિવાદીઓ સીધીલીટીના વારસદાર થતા નથી. દાવાવાળી જમીન બાબતે પ્રતિવાદી નં.૬ થી ૧૦ નાઓએ કોઈ વાંધો તકરાર ન હોવા છતાં તેઓએ ખોટી રીતે પક્ષકાર બનાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સદરહું તકરારી જમીનમાં પ્રતિવાદીનં.૧ નાએ ગાયો ભેંસોને ખાવાનો ઘાસ ચારો વાવેલ છે. તેમજ કોર્ટ કમીશ્નરશ્રી દ્વારા કરવામાં આવેલ પંચનામાં પણ ગાયો ભેંસોને ખાવાનો ઘાસચારો વાવેલાનું જણાઈ આવે છે જયારે વાદીએ તેમના દાવા તથા અરજીમાં તકરારી જમીનમાં ગવારનું વાવતેર કરેલાનું બતાવેલ છે જેથી પણ તકરારી જમીનમાં વાદી ખેતી કરતા નહી હોવાનું જણાઈ આવે છે.

વધુમાં જણાવેલ છે કે, સદર દાવાવાળી તકરારી જમીનમાં બાાવા દેવાપુરી ચંચળપુરીની માલિકીનો ટયુબવેલ છે અને તેનું લાઈટબીલ પણ પ્રતિવાદી નં.૧ ના પિતાના નામે છે. સદરહું ટયુબવેલ માંથી પ્રતિવાદીનં.૮ ખેતી કરવા પાણી લે છે પરંતુ તેનો હિસાબ વાદીએ બળજબરી થી પડાવી લીધેલ છે સદર ટયુબવેલનો હિસાબ કરવા પ્રતિવાદીનં.૧ નાએ વાદીને નોટીસ પણ આપેલ છે અને પોલીસ ફરીયાદ પણ કરેલ છે. પરંતુ વાદી પૈસાના જોરે અને તેમના ઘરના સભ્યો સરકારી ખાતામાં નોકરી કરતા હોય કાયદો હાથમાં લઈ તકરારી જમીનમાં માલિકી હકક ધરાવતા ના હોવા છતાં ૪૦ ગુંઠામાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરી રહયા હોય વાદી પ્રથમદૃષ્ટિએ ખોટા છે.

વધુમાં જણાવેલ છે કે, વાદીના પિતા મોહનપુરી ચંચળપુરી મરણ પામેલા છે તેમની માલિકીની જમીનમાં કોઈ વારસાઈ કરાવેલ નથી તેમને સુધારા અરજી આપી પોતાનું એકલાનું નામ દાખલ કરાવેલ છે તેમની બહેનોના નામ પેઢીનામા ની અંદર બતાવેલ હોવા છતાં તેમના નામ દાખલ કરાવેલ નથી. વધુમાં

ભાઈઓ ભાગે ચાર ભાગ પડતા ચોથો ભાગ વાદીના પિતા પાસે આવેલ નથી કે નમુના હકકપત્રકના નોંધ નં.૭૭૧૮ માં નોંધ પડેલ નથી કે હકકપત્રક નોંધ નં.૭૭૧૫ થી ૧૭૧૮ પડેલ નોંધ પણ તા.૭/૬/૧૯૯૬ ની પડેલ તે રદ્દ થયેલ છે. તેમજ તકરારી સર્વે નંબર ૧૦૬૦/૨ વાળી જમીનમાં વાદીના પિતાનું નામ સને –૨૦૦૩ થી નીકળેલ હોય તો વાદી સને ૨૦૧૮ માં દાવો સમય મર્યાદા બહાર કરેલ છે. વધુમાં નોંધ નં.૪૦૦૭, તા.૧૬/૬/૨૦૧૭ ની સ્થિતિ એ નોંધનં.૪૦૦૭, તા.૧૯/૧/૧૯૭૨ ના રોજના આદેશમાં (૧) દેવાપુરી ચંચળપુરી, (૨) મંગળપુરી ચંચળપુરી, (૩) જેઠાપુરી ચંચળપુરી અને (૪) કેશુપુરી છગનપુરી ખાતે દાખલ બાજુમાં બતાવેલ છે. સર્વે નં.૧૦૬૦/૧ તથા ૧૦૬૦/૨ વાળી જમીનોમાં વિજાપુર મામલતદાર અને કૃષિપંચ દેવ સ્થાન કલોલના હુકમ નં.૩૨ ગ ૨૯૧, તા.૬/૧૯/૭૨ નો હુકમ થતા આધારે ખાતે દાખલ કરવા નોંધ કરી, સદર વેચાણ રૂ.૨૬૦૦/– ની રકમ થી થયેલ. જેમાં ગ.ધા.કલમ–૪૩ ના ઉપબંધોને આધીન રહી ગણવાનું છે. જેમા ધર્મા સંસ્થાનું નામ કરી ગણોતીયાશ્રી દેવપુરી ચંચળપુરી–વિભાગ–૪ ના નામ દાખલ કરવા નોંધ કરી. જોનં ટ્રસ્ટશ્રી અંકલેશ્વર મહાદવના વહવટકર્તા સરપંચશ્રી ચરડાના રૂ.૨૬૦૦/– નો બોજો રહેશે અને આ બોજાની રકમ પ્રતિવાદીઓના વડીલોએ ભરી દીધેલ છે અને નોંધ નં.૪૦૦૭ સર્કલ ઓફીસર માણસાનાએ તા.૧૯/૧/૧૯૭૩ થી મંજુર કરેલ છે. આ કામના પ્રતિવાદીના વડીલોના નામ ગણોતીયા આધારે દાખલ થયેલ છે ત્યારથી પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલો છે. જે નોંધ સામે વાદીએ કે તેમના પિતાશ્રીએ કોઈ રેવન્યુ કોર્ટમાં અપીલ પણ કરેલ નથી. વધુમાં તકરારી સર્વે નં.૧૦૬૦/૨ પૈકી વાળી જમીન પ્રતિવાદી નં.૬ થી ૧૦ ની માલિકી ૫૦ × ૭૦ ફુટનો જેઠાપુરી ચંચળપુરી માલિકી



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

નો ખુલ્લો ગાળો આવેલ છે અને જેમાં ટયુબવેલ ડી.પી. આવેલ છે તેનું ભાડુ બોર ટયુબવેલ ચુકવે છે.

આમ, વાદીએ પ્રતિવાદી નં.૬ થી ૮ સામે ખોટી દાવો તથા મનાઈ અરજી કરેલ છે. તકરારી સર્વે નં.૧૦૬૦/૨ પૈકી વાળી જમીન પ્રતિવાદીનં.૧ ની માલિકીની છે અને સર્વે નં.૧૦૬૦/૧ વાળી જમીન પ્રતિવાદી નં.૬ થી ૧૦ ની માલિકી છે. વાદીએ ૧૦૬૦/૨ પૈકી વાળી જમીનમાં પ્રતિવાદીના નામ, ભાગ, ક્ષેત્રચળ સાથે અલગ બતાવેલા છે તેમ છતાં ૭/૧૨ માં નામ હોવાની ખોટા પક્ષકાર બનાવેલ હોય પ્રતિવાદીનં.૬ થી ૧૦ નાઓને વકીલ ખર્ચ તથા અન્ય ખર્ચાઓ તથા કોમ્પેસરી ખર્ચ રૂા.૨૦,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

**જયારે** આ કામના પ્રતિવાદી નં.૫ અને ૬ નાઓએ આંક–૨૪ થી દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ વાદીના વાદીને સંપૂર્ણપણે સમર્થન આપી વાદીની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**જયારે** આ કામના પ્રતિવાદી નં.૧ અને ૩ નાઓ આંક–૨૭ થી દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી તકરાર ઉઠાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજને સી.પી.સી.ના પ્રતિબંધિત સિધ્ધાંતનો બાધ નડે છે તેમજ પુરતો કોર્ટ–ફી સ્ટેમ્પ વાપરેલ નથી તેમજ પ્રતિવાદી નં.૧ અને ૩ નાઓને ખોટા હેરાન પરેશાન તથા ખોટા ખર્ચમાં ઉતારવા સદર અરજી દાખલ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીનં.૧ નાએ આ કામના વાદી સામે કલોલના પ્રાંત અધિકારી સાહેબની કોર્ટમાં આર.ટી.એસ. અપીલ નં. ૧૩૮/૨૦ કરેલ છે જે અપીલ હાલ જજમેન્ટ ઉપર હોય હુકમ આવેલ નથી. ચરાડા, ખાતાનં.૨૬૭ સર્વે નં.૧૦૬૦/૨ પૈકીની જુની શરતની જમીન કુલ ક્ષેત્રફળ ૦–૭૬–૯૦ ચો.મી. આકાર રૂા.૪.૨૪ વાળી જમીન પ્રતિવાદીના બાપદાદાની

માલિકી, કબજા ભોગવટાના અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે અને રેવન્યુ રેકર્ડે ૭/૧૨ તથા ૮–અ ના ઉતારામાં પ્રતિવાદી નં.૧ થી ૩ નું નામ ચાલે છે. વધુમાં ૭/૧૨ માં નોંધ નં.૭૭૧૯ પડેલ નથી રદ કરેલ છે જેથી વાદીનું નામ ચઢેલ નથી. વાદીની ચરાડા મુકામે ખાતાનં.૫૦૧ સર્વે નં. ૧૦૮૩,૧૦૮૪, ૧૦૮૫, ૧૦૮૬,૧૦૮૭ થી અલગ જમીનો આવેલ છે. અને તેનો ૭–૧૨ તથા ૮–અ નો ઉતારો વાદીની માલિકીની જમીનો ચરાડા ગામે અલગત થી આવેલ છે જેમાં તેઓ હાલ ખેતી કરે છે તેના ઉતારા વાદીએ રજુ કરેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, વાદીએ મામલતદાર કચેરીમાં તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ જમીનમાં નામ દાખલ કરવા ઈ.ધરા સુધારા હુકમ/એસ.આર/૪૫/વશી/૨૧૧૯/૨૦૨૦ પડેલ છે. પરંતુ તેમાં પ્રતિવાદી નં.૧ ને ૧૩૫–ડી ની નોટીસની બજવણી કર્યા વગર સાંભળ્યા વગર એક તરફી નિર્ણય કરી સદર જમીનમાં વાદીનું નામ દાખલ કરી દીધેલ છે જે સામે પ્રતિવાદી નં.૧ નાએ વિવાદ દાખલ કરેલ છે.

વધુમાં નોંધ નં.૪૦૦૭ માં વાદીઓના નામ કયાંય પણ દાખલ થયેલ નથી કે તેમાં નામ દાખલ કરવા વાદીએ કોઈ અપીલ પણ કરેલ નથી. વધુમાં સર્વે નં.૧૦૬૦/૨ પૈકી જમીનમાં પ્રતિવાદીનં.૧ ના વડીલોના નામ સિવાય બીજા કોઈના નામ નથી અને નોંધ નં.૪૦૦૭ ના આધારે પ્રતિવાદીનં.૧ નું ના રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ છે અને વર્ષ ૮૪–૮૫ થી ૯૭–૯૮ સુધી પ્રતિવાદીનં.૧ નું ના વડીલોના નામ ચાલે અને ત્યારબાદ વારસાઈ હકકે બાવા લક્ષ્મણપુરી, દેવાપુરી, રામપુરી દેવાપુરી, ડાહયાપુરી, ચંદુપુરી પ્રહલાદપુરી ના નામ દાખલ થયેલ છે પરંતુ કૌસની અંદર મોહનપુરી ચંચળપુરી નું નામ થયેલ છે પરંતુ તે નામ શેના આધારે થયેલ છે તેવી કોઈ નોંધ જણાઈ આવતો નથી કે હકકપત્રકે પડેલ નથી.

વધુમાં વાદીના પિતાનું નામ–૧૯૯૭–૯૮ થી દાખલ થયેલ છે તેની નોંધ પાડવામાં આવેલ નથી કે સદર જમીન વેચાણ લીધેલ છે કે કોઈ લેખ કરી લીધેલ છે અંગેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે લેખ રજુ કરેલ નથી તેમ છતા વાદીના પિતાનું નામ દાખલ થયેલ છે. જેથી વાદીનું નામ રદ કરેલ છે. તે માટે કોઈ કોમ્પ્યુટર ભૂલ થયેલ છે. પરંતુ વાદીના પિતાએ ખોટી રીતે ૧૦૬૦/૨ વાળી જમીનમાં નામ દાખલ કરાવેલ હોઈ રેકર્ડની ચકાસણી થતા વાદીનં.૨ કાયદેસરના પ્રતિવાદીના વારસદાર ના હોઈ માલિકી હકક તગા કબજો ધરાવતા ના હોઈ સરકારી રેકર્ડથી લીગલી રીતે નામ નીકળેલ છે. તેમાં કોઈ કોમ્પ્યુટરની ભૂલ નથી.

વધુમાં પ્રતિવાદી નં.૧ અને ૩ નાઓએ આંક–૨૭ ના જવાબમાં પ્રતિવાદી નં.૬ થી ૧૦ નાઓએ આપેલ આંક–૧૯ ના જવાબની વિગતો દોહરાવેલ હોય અત્રે તેનું પુનરાવર્તન ટાળેલ છે.

**૪.** વાદી તરફે હાલની અરજીનાં સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી નિશાની–૩/૧ થી નિશાની–૩/૨૫, આંક–૨૨ ના લીસ્ટથી નિશાની–૨૨/૧, આંક–૨૯ ના લીસ્ટથી નિશાની–૨૯/૧,આંક–૩૫ ના લીસ્ટથી નિશાની–૩૫/૧ થી ૩૫/૩, આંક–૩૯ ના લીસ્ટ થી નિશાની–૩૯/૧ તથા આંક–૪૩ ના લીસ્ટ થી નિશાની–૪૩/૧ સુધીનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે

તેમજ માર્ક–૧૨/૨ થી કોર્ટ કમીશ્નર ઘ્વારા કરવામાં આવેલ પંચનામું તથા માર્ક–૧૨/૩ થી કોર્ટ કમીશ્નર ઘ્વારા દોરવામાં આવેલ હાથ નકશો રજુ થયેલ છે.

પ્રતિવાદી નં.૧,૩ તરફે આંક–૨૮ ના લીસ્ટથી નિશાની–૨૮/૧ થી નિશાની–૨૮/૨૪ તથા આંક–૪૦ ના લીસ્ટની નિશાની–૪૦/૧ થી ૪૦/૩ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

વાદીઓ તર્ફે મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓએ કાઉન્ટર એફીડેવીટ આપવાનું નથી.

**૫.** આ કામે વાદી તર્ફે આંક–૩૨ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે તેમની દાવા તથા મનાઈ અરજી તેમજ રજુ દસ્તાવેજી પુરાવા મુજબની હોય તેમજ રેકર્ડનો એક ભાગ વંચાણે લીધેલ છે.

જયારે પ્રતિવાદી નં.૧ તથા ૩ તર્ફે તેમને આપેલ આંક–૪૧ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે તેમના આંક–૨૭ ના જવાબ મુજબની જ હોય અત્રે તેનું પુનરાવર્તન ટાળેલ છે.

જયારે પ્રતિવાદી નં.૪ અને ૫ તર્ફે તેમને આપેલ આંક–૨૪ ના જવાબ મુજબની તેમની દલીલ હોવાની આંક–૩૩ અને આંક–૪૬ થી પુરસીસ આપેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી નં.૬ થી ૧૦ ના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જે તેમના આંક–૧૯ જવાબ મુજબ હોય અત્રે તેનું પુનરાવર્તન ટાળેલ છે.

**૬.** વાદીએ હાલની અરજી ચાલુ દાવા દરમ્યાન વચગાળાના મનાઈ હુકમ મેળવવા માટે કરેલી છે. માટે સૌપ્રથમ સી.પી.સી. ઓ.૩૯, રૂલ ૧,૨ ની જોગવાઈ આ મુજબ છે,

**ORDER XXXIX**

TEMPORARY INJUNCTIONS AND INTERLOCUTORY ORDERS

Temporary injunctions

1. Cases in which temporary injunction may be granted.—Where in any suit it is proved by affidavit or otherwise—

(a) that any property in dispute in a suit is in danger of being wasted, damaged or alienated by any party to the suit, or wrongfully sold in execution of a decree, or

(b) that the defendant threatens, or intends, to remove or dispose of his property with a view to [defrauding] his creditors,

[(c) that the defendant threatens to dispossess, the plaintiff or otherwise cause injury to the plaintiff in relation to any property in dispute in the suit,]

the Court may by order grant a temporary injunction to restrain such act, or make such other order for the purpose of staying and preventing the wasting, damaging, alienation, sale, removal or disposition of the property [or dispossession of the plaintiff, or otherwise causing injury to the plaintiff in relation to any property in dispute in the suit] as the Court thinks fit, until the disposal of the suit or until further orders.

તે તથા વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ કોર્ટ વચગાળાનો મનાઈ હુકમ આપતી પહેલા નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવાના રહે છે.

(૧) શું વાદીનો કેસ પ્રથમ દર્શનીય છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

(૩) શું મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેઓ નુકસાન થવું સંભવ છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત ત્રણેય મુદ્દાઓનો જવાબ જો વાદીની તરફેણમાં આવતા હોય તે સંજોગોમાં વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય.

**૭.** હાલની મનાઈ અરજીના નિર્ણય અર્થે જે નં.૧ થી ૩ ના મુદ્દાઓ છે તેઓની ચર્ચા સંયુકત રીતે કરું છું.

**<u>પ્રથમદર્શનીય કેસ :-</u>**

**૮.** હાલના કામે મનાઈ અરજી અન્વયે જે બાબત મુખ્ય રીતે વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ જણાવવા સારૂ રજુ કરવી જોઈએ તે એ છે કે, વાદી કઈ રીતે સદર વાદગ્રસ્ત મિલકતમાં વારસદાર તરીકે આવેલ છે. પરંતુ તે હકીકત તેવી કોઈ નોંધ કે પેઢીનામા ઉપરથી જણાઈ આવતા નથી. તેમજ જે નોંધ નં.૭૭૧૮ થી

વાદીની વડીલોપાર્જીત વાદગ્રસ્ત મિલકત ૪૦ ગુંઠા જમીન આવેલી છે. તે ૪૦ ગુંઠા જમીન તેઓને કઈ રીતે મળેલી છે તેવી કોઈ હકીકત વાદી પ્રસ્થાપિત કરી શકેલ નથી.

૯. વાદીની દાવા અરજીમાં વાદીએ જે રજુઆત કરેલ છે તે અંગે તેઓનું નામ કઈ રીતે નીકળી ગયેલ છે અને કયારે નીકળી ગયેલ છે તે સંદર્ભે વાદીએ કોઈ યોગ્ય પુરાવો કે અન્ય કોઈ હકીકત પણ સમર્થન માટે જણાવેલ નથી. માટે ફકત તેઓની દાવા અરજીમાં રજુઆત કર્યા મુજબ તેઓનું નામ નીકળી ગયેલ છે અને કોમ્પ્યુટર રાઈઝ થવાને કારણે બીજા હકકમાં નામ દાખલ થયેલ છે તે અન્ય કોઈ પુરાવા સિવાય માનવું વ્યાજબી અને ન્યાયોચિત જણાતું નથી. વધુમાં, મામલતદારશ્રી માણસાનાએ હુકમ કરી વાદીનું નામ રેવન્યુ રેકર્ડે દાખલ કરેલ છે તે કયા પુરાવા આધારે દાખલ કરેલ છે તે દર્શાવતો કોઈ પુરાવો વાદીએ રજુ કરેલ નથી કે રજુ કરેલ પુરાવા ઉપરથી કયા કારણસર તેઓનું નામ દાખલ કરવામાં આવેલ છે તેવું પ્રસ્થાપિત થતું નથી. વધુમાં, મામલતદારશ્રી માણસનાઓએ હુકમ પ્રાંત અધિકારીશ્રીએ રદ્દ કરેલ હોય તે હાલના તબકકે માની શકાય નહી. તેમજ ખરેખર વાદીનો કબજો ભોગવટો, વાદીની દાવા અરજી કે મનાઈ અરજ અન્વયે આવેલ છે તેવું પ્રસ્થાપિત વાદીએ કરવું જોઈએ. પરંતુ આવી કોઈ હકીકત પણ વાદીની દાવા અરજી ઉપરથી જણાઈ આવતી નથી. વધુમાં, વાદીની દાવા અરજી મુજબ તેમાં તેઓએ ગવારનું વાવેતર કરેલ છે તેવું જણાવેલ છે પરંતુ કોર્ટ કમીશ્નશ્રીના માર્ક–૧૨/૨ વાળા પંચનામા તથા માર્ક–૧૨/૩ વાળો નકશો ધ્યાને લેતાં તેમાં આવું કોઈ ગવારનું વાવેતર કરેલ હોય તેવું જણાઈ આવતું નથી.

વધુમાં વાદીએ રજુ કરેલ માર્ક–૩/૨૫ વાળો કાચો હાથ નકશો તેમજ બનાવવાળી જગ્યાની સ્થળ સ્થિતિ દર્શાવતો હાથ નકશો રજુ કરેલ છે તે તથા કોર્ટ



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

કમીશ્નરશ્રીએ રજુ કરેલ હાથ નકશાની ચર્તુ:દિશા અલગ અલગ જણાઈ આવે છે. તે અંગે વાદીએ કોઈ વાંધો કે તકરાર રજુ કરેલ હોય તેવું પણ આજ દિન સુધી બનેલ નથી. જે ઉપરોકત હકીકતો ધ્યાને તથા વંચાણે લેતાં વાદી ખરેખર કઈ રીતે હાલની વાદગ્રસ્ત જમીનમાં વારસાઈથી આવેલા છે તેવું પ્રથમદર્શનીય રીતે સાબીત કરી શકતા નથી તેવું મારું માનવું છે. જેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો નથી.

**<u>સગવડ–અગવડતાની સમતુલા :–</u>**

**૧૦.** સગવડતા–અગવડતાની સમતુલા જોઈએ તો, અગાઉના મુદ્દાની કરેલ ચર્ચા મુજબ વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકેલ નથી અને ખરેખર સદર વાદગ્રસ્ત મિલકતમાં તેઓની કબજો ભોગવટો આવેલ છે તેવું રેકર્ડ કે ઉપર કરેલ ચર્ચાની હકીકતો જોતાં જણાઈ આવતું ન હોય સગવડતા–અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં જણાઈ આવતી નથી.

**<u>નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન :–</u>**

**૧૧.** આમ, વાદીએ મનાઈ અરજીમાં વાદગ્રસ્ત જમીન તેઓની માલિકી અને કબજા ભોગવટાની આવેલાનું અને તેમાં ખેતી કરતા હોવાનું જણાવેલ છે અને આ અંગે મનાઈ હુકમ માંગેલ છે. પરંતુ રેકર્ડ ઉપર વાદીએ તેઓએ રજુ કરેલ દાવા અરજીના પુરાવા પરથી કે તેઓએ જણાવેલ હકીકત પરથી પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકેલ નથી. તેમજ સગવડ અને અગવડની સમતુલા વાદી તર્ફે કઈ રીતે તેમની તરફેણમાં આવેલ છે તે ઉપરોકત હકીકતો વંચાણે લેતાં જણાઈ આવતી નથી. અને વાદીને જો આ મનાઈ હુકમ આપવામાં ના આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાની કોઈ શકયતાઓ ઉપરોકત બન્ને મુદ્દા નકારમાં આવતા હોય મંજુર કરવાપાત્ર જણાય આવતી નથી.

**૧૨.** આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા વાદી પોતાના તર્ફે મુદ્દા નં.૧ થી મુદ્દા નં.૩ સાબિત કરી શકેલ ન હોય, મુદ્દા નં.૪ અન્વયે વાદીની હાલની મનાઈ અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ◄ હુકમ ►

- ➢ વાદીની હાલની આંક–૫ અન્વયેની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.
- ➢ હાલની અરજીનું ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ **સોળ**[મી] માહે **માર્ચ** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૬/૦૩/૨૦૨૪** **( જે.જી.પટેલ )**
**માણસા.** **એડીશ્નલ સીવીલ જજ,**
**માણસા, જી.ગાંધીનગર.**
*PSP* **GJ 01699**